## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

અજબ મિલાવટ કરી ચિતારે રંગપ્યાલીઓ ભરી !
એક લસરકે ઊગી નીકળ્યાં જંગલ જંગલ ઝાડ;
ટપકે ટપકે ફૂટી નીકળ્યા ધરતી પરથી પ્હાડ!
ઘટ્ટ નીલિમા નરી,ચિતારે અજબ મિલાવટ કરી..

- જયન્ત પાઠક

### પાથેય

- રમેશ ઠક્કર

# અજબ ચિતારો...

પ્રકૃતિમાં સર્વત્ર નિર્દોષતા પ્રવર્તે છે...આ બધી આંટીઘુંટી તો આપણી નીપજ છે..સડસડાટ વહી જતો રસ્તો જયાં અટકે છે એ હંમેશાં 'ડેડ એન્ડ' નથી હોતો..એક નવા જગતનો ઉઘાડ ત્યાંથી શરૂ થતો હોય છે..આ રીતે પાછાં વળી જતાં આપણાં ચરણ એ જ ચીલાચાલુ રસ્તાનો મોહ છોડી શકતા નથી..પ્રત્યેક પૂર્ણવિરામ એ નવા વિચારનું ઉદગમસ્થાન હોય છે..એને જ કદાચ અનહદ કહેવાય છે..

મળસ્કે મનભાવન મુડ્ઝ સાથે મલપતું આભલું એની વિશાળતાને વ્યાપકતાથી વ્યક્ત કરે છે...એમાં એક મોકળાશનો વૈભવ હોય છે..આગળની સાંજની કોઈ ઉદાસી કોકરવરણાં કિરણોને શોકમગ્ન બનાવતી નથી..અને એટલે જ દરેક સવારની એક આગવી તાજગી હોય છે..

વહેલી પરોઢે એકાકી લાગતા વાયરાની મદમસ્ત છટામાં વરણાગીપણું સહજભાવે પ્રસરે છે.. એના સ્પર્શની સો સો રીત હોય છે..એની ચૂપકીમાં પણ સંગીત હોય છે..કર્કશતાને જાણે દેશવટો હોય છે..કયાંય ધમાલ નથી...પડખે વહી જતી રમ્ય ઘોષા જનનીની જોડી જેવી લાગતી હોય છે...નિરાંતે જો નિરખીએ તો જળનું જિનિયસપણું આપણું પોતિકું લાગે છે .જળશિકરોમાં કયાંય આછકલાઈ નથી હોતી...

ઝાકળનું વિલાઈ જવું કે ફોરાંનું ફેલાઈ જવું રોમાંચક બની જાય ત્યારે કોયલ કમનીયતાથી કસોકસ કૂજન કરે છે..પક્ષીઓ ની પણ પોતીકી સારેગમ હોય છે. એ માટે કાન સરવા રાખવા પડે છે..કોરસ એ કેટલું સમરસ હોય એ ઉડી જતાં પંખીઓની બિરાદરી પાસેથી શીખવા જેવું છે..

આપણી આસપાસ વેરણછેરણ કેટકેટલું પડયું હોય છે ? આપણને કદાચ એની દરકાર જ હોતી નથી.. બાળકની કીકીનું કુતુહલ અતળ જ નહીં અકળ પણ હોય છે..એ જોવાની આપણી ધીરજ હોતી નથી..આપણે જો હિંમત કરીને વિસ્મયની વંડી ઠેકી જઈએ તો પારાવાર વૈભવ હાથવગો બની જાય છે..પણ વો દિન કહાં..!

કોલાહલ કયારેક શાંત તો કયારેક કલબલાટ પણ ધારણ કરે છે..ભોળપણ એ બાળપણનો પર્યાય ગણાય તોય આપણે એને શાણપણથી જોવાની ચેષ્ટા કરવાનું ચુકતા નથી..! આપણી બાલીશતા પણ કેટલી સર્ટિફાઈડ હોય છે નહીં ? આપણને ટુકડાઓનો કારોબાર ગમે છે. પરંતુ બાળકોની નાનકડી ટુકડી જો ઢૂકડી હોય તો એ જોવાનું ચૂકતા નહીં..માસુમિયતનો મહાલય આપોઆપ એમાં રચાઈ જાય છે..આપણી દ્રષ્ટિ જયારે કેવળ ડહાપણથી જગતને નિરખે છે ત્યારે, સહજતા એમાંથી આપોઆપ ખરી પડે છે..પોથી પઢી પઢીને તો પંડિત જ થવાય પરંતુ સૌંદર્યમંડિત થવા માટે તરણાની ભાષા ભણવી પડે છે..જગતના મંડપમાં જેણે અવનવા રંગો ભર્યા છે એ ચિતારાને જાણવાનું શીખવું પડે છે.લહેરખીની લયછટા ગણગણવી પડે છે.. .આકાશના આરોહ અવરોહને સમજવા પડે છે !

# ॥ યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે... ॥

**તંત્રીસ્થાનેથી...**

સ્ત્રી હોવું એટલે શું કેવળ રસોડાની કે શયનખંડની રાણી બની રહેવામાં જ જીવનની ઈતિશ્રી માની લેવાની ? આમ તો આ કઠોર વાસ્તવ યુગોથી સ્વીકૃત થયેલો છે. પરંતુ એમાં સ્ત્રીના સ્વાભિમાન પર કુઠારાઘાત થાય છે. કુદરતે સ્ત્રીને કોમલાંગી, માયાળુ, કરુણાવાન બનાવીને એક વિશિષ્ટ દરજ્જો તો આપી જ રાખ્યો છે - માતૃત્વનું એ પદ વિશ્વની કોઈ પણ સર્વોચ્ચ સત્તા કરતાં મોટું જ ગણાશે. મહાન હસ્તીઓને સ્વર્ગ એમના માતાના ચરણોમાં દેખાયું છે. માન્યું કે માનવ દેવ પણ બનતો રહ્યો છે અને દાનવ પણ - પરંતુ મા આગળ એ નતમસ્તક રહ્યો છે. દેવાધિદેવ મહાદેવ અજન્મા ગણાયા છે પરંતુ પૃથ્વીને તાંડવ નૃત્ય કરી હચમચાવનાર શિવને શિવાનો રોષ અને આક્રોશ શમાવવા ખુદ એનાં પાવલાં તળે સૂઈ જવું પડ્યું છે. ગાંધારી જગન્નિયંતા કૃષ્ણનું એમની નજર સમક્ષ ધનોતપનોત નીકળી જશે એવો શાપ ઉચ્ચારે છે ત્યારે કૃષ્ણને એ રસ્તે મોઢે સ્વીકારવો પડે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ભારતીય સંસ્કૃતિની નારીના નારાયણી સ્વરુપની ગાથાઓ ગાઈ શકાય. પરંતુ ભારત તો વિશ્વ સંસ્કૃતિનું પારણું હોઈ 'જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે.' વળી ઉક્તિને સાર્થક કરે એમાં આશ્ચર્ય ન લાગવું જોઈએ. અહીં સીતા-સાવિત્રી કે અગ્નિશિખા સમી સમર્થ દ્રૌપદી પાકે જ. યશોધરા એની આંખના રતન સમા રાહુલને કે બુદ્ધની ઝોળીમાં પધરાવી શકે. પણ અફઘાનિસ્તાન જેવા તાલિબાન ત્રસ્ત દેશની મહિલા છાતી કાઢીને ત્યાંની નારી પર થઈ રહેલ નૃશંસ અત્યાચારનું યથાતથ રિપોર્ટિંગ કરવાનું દુઃસાહસ કરે કે મલાલા યુસુફઝઈ મુલ્લાઓ સામે મેદાને પડી કન્યાઓના અધ્યયનના અધિકારનો અવાજ બુલંદ કરી જાનનું જોખમ વહોરી શાંતિનું નોબેલ પ્રાઈઝ જીતી લાવે તો જરૂર એક શકવર્તી ઘટના ગણાવી જોઈએ. વિશ્વ પ્રસિદ્ધ ટાઈમ મેગેઝીનના કવર પર અફઘાન પત્રકાર ઝાહરા જોયાની તસ્વીર છપાઈ છે. એને સામયિકે 'વુમન ઓફ ધ યર' તરીકે સમ્માન આપ્યાનું આવકારવાલાયક પગલું ભરીને સાચા અર્થમાં સ્ત્રી સશક્તિકરણનો મહિમા કર્યો છે. પત્રકારત્વના સબળ માધ્યમ દ્વાર આ નિર્ભીક મુસ્લિમ મહિલાને જીવના જોખમે તાલિબાનોને પડકારીને ઈતિહાસ રહ્યો છે. અલબત્ત, તાલિબાનોના હાથમાં આવી હોત તો એની નૃશંસ હત્યા જ થઈ ગઈ હોત. અત્યારે એ બ્રિટનમાં શરણાર્થી તરીકે રહે છે અને અફઘાનિસ્તાનની એની દુખિયારી બહેનો વિશે જગતને જાગતું રાખે છે. મહિલા ભરે કુદરતી રીતે કોમલાંગી લાગે અને પુરુષો એને માત્ર 'ભોગ્યા' ગણીને ઘરનો ઉંબરો સુધ્ધાં ન ઓળંગવા દે, પરંતુ એની ભીતર એક ચંડી પણ ધબકતી હોય છે, એ માત્ર લક્ષ્મી અને સરસ્વતી જ નથી - એ મહાકાલી પણ છે. જેને અસુરો સામે પ્રત્યક્ષયુદ્ધ ખેલી પોતાની ક્ષમતાનો પરચો બતાવેલ છે. ભારત તો શક્તિપૂજક રાષ્ટ્ર છે. યા દેવી સર્વભૂતાનાં શક્તિ રુપેણ સંસ્થિથા થી લઈ એને વિવિધ ઉપમાઓ આપી એ પૂજતું રહ્યું છે. યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે - રમન્તે તત્ર દેવતાં : । નારીની પૂજા થતી હોય ત્યાં જ દેવો વસે. ભારતે લોકતંત્ર મળ્યા પછી પણ કયારેક ઈંદિરા, કયારેક જયલલિતા તો કયારેક માયાવતી અને મમતા સ્વરુપે નારીશક્તિને ઓળખી છે અને બિરદાવી છે. દેશ પણ અસુરો અને આસુરી શક્તિઓના ઓછાયા મંડરાઈ રહ્યા છે ત્યારે શું ફરી એકવાર એને આવી જ કોઈ પ્રચંડ મહાકાલીના પડછાયાં બચાવી શકશે ? ચાલો, રાહ જોઈએ ?

# પ્રાણ એક દિવ્ય વિભૂતિ અને સત્તા છે





**સ્વ તરફની યાત્રા**
**ભાર્ગવી જોશી**

પ્રાણ : 'સ્વ' એટલે પોતે અને 'ર' નો મતલબ રમી રહ્યો છે કે રમણ કરી રહ્યો છે. સ્વેચ્છાથી તે આત્મા. સ્વર એટલે જ પ્રાણ. પ્રાણ આત્માનું ક્રિયાપદ સ્વરુપ છે. આત્મા એ પરમાત્માનો જ અંશ છે. એટલે જ સર્વલોકો કહે છે કે 'આત્મા સો પરમાત્મા'. આત્મા નિરંજના, નિર્વિકાર, નિષ્ક્રીય, નિર્લેપ અને શાશ્વત છે. તે સર્વવ્યાપક છે. આત્માની હાજરી વિના કોઈ પણ સ્થૂળ કે સૂક્ષ્મ ક્રિયા શક્ય નથી. તે સક્રિય બની જાય છે. તેમજ સર્વકર્તા અને સર્વનો પ્રેરક બને છે. તેનું સક્રિય સ્વરુપ જે અનુભવમાં આવ છે તેને સ્વર કહેવાય છે. તે જ પ્રાણ છે. તેને ક્રિયાત્મક ચેતના પણ કહવાય છે. આત્માને કોઈ નિયંત્રણ નથી. એ જ સર્વત્ર સર્વનો નિયંત્રક છે. તે જ સ્વર છે, તે જ પ્રાણ છે, તે જ આત્મ સ્વરુપ છે, તેથી જ ત્રણેય લોક આદિ સર્વ સ્વરમાં જ સમાયેલા છે.

સ્વર એટલે જ પ્રાણ કહો કે પ્રાણની અવસ્થા, પ્રાણ ને આત્માનું ક્રિયાત્મક સ્વરુપે અનુભૂત દર્શન પણ કહી શકાય. આ પિંડ અને બ્રહ્માંડમાં જે કાંઈ શક્તિ રહેલી છે, તે બધાનો આધાર પ્રાણ છે. પ્રાણનું ઉદ્ગમ સ્થાન આત્મા છે. જેમાં બધી જાતની શક્તિઓ અને બળ રહેલું છે. સમગ્ર વિશ્વમાં પ્રાણનો મહાસાગર પ્રસરેલો છે. તેના હિસાબે આપણા શરીરમાં વિદ્યમાન પ્રાણ આ અનંત મહાસાગરની અનંત લહરીઓમાંની એક લહરી છે. આ લહરી કે મોજુ આપણે હવાલે થાય તો આપણું શરીર અને મન અનાયાસે આપણે સ્વાધીન થઈ જાય છે. મનુષ્યના જીવનમાં અનેકવિધ ઉત્તમોત્તમ જીવન તત્ત્વો રહેલાં છે. પરંતુ એ બધા જીવન તત્ત્વો જેના ઉપર નિર્ભર છે તેમજ પોતાનું અસ્તિત્વ જાળવી રાખીને જેની કૃપાદષ્ટિથી માનવ આમોદપ્રમોદ, મોજમજા અને સુખ,વૈભવ વગેરેની પ્રાપ્તિ કરે છે, તે સર્વધારક, સર્વસંચાલક, સર્વસંરક્ષક, સર્વપ્રાણી માત્ર જેના વડે જીવન ધારણ કરીને પ્રાણવાન બનાવે છે, એવું આ પ્રાણતત્વ સર્વશ્રેષ્ઠ તત્વ છે. પ્રાણનું અસ્તિત્વ છે તો જીવન છે. પ્રાણ જો વિદાય થાય એટલે ઐહિક જીવનની પણ સમાપ્તિ થઈ ગઈ સમજવી. પ્રાણ એક દિવ્ય વિભૂતિ અને સત્તા છે. એટલું જ નહીં, એ તો દિવ્યતાની અનુભૂતિ અને દિવ્યતાના માર્ગનું અલૌકિક સાધન છે.

જેવી રીતે રથના પૈંડાની નાઈડીમાં આરા પરોવાયેલા છે તેવી જ રીતે આ પ્રાણમાં સર્વજગત પરવાયોલું છે.એટલે કે પ્રાણની અંદર જ જગત સર્વનો ઈતિહાસ સમાયેલો છે. એમ કહેવાય.

ભાર્ગવી જોષી
રેકી ગ્રાન્ડ માસ્ટર અને ટીચર
મો. ૯૫૩૭૬૪૬૪૨૯

## દિન મહિમા

● આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ




### આજનું ઔષધ

● મરીનું ચૂર્ણ દૂધમાં ઉકાળીને પીવાથી ઉધરસ મટે છે.

### ખડખડાટ

● દુકાનદાર : એ બોરી પર બેસતા નઈ ફાટી જહે....
ગ્રાહક : કેમ ફુગ્ગા છે...
દુકાનદાર : ના ખીલા છે.

### આજનો વોટ્સએપ

● બાગમાં પાંદડાં બહુમતીમાં હોય છે અને પુષ્પો લઘુમતીમાં છતાં ચર્ચા પુષ્પોની જ થતી હોય છે વાત ગુણવત્તાની છે બહુમતીની નહીં...

# મનમાં ભરીને જીવવું એના કરતાં મનભરીને જીવવું...



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

હમણાં એક મિત્રે વ્યથાના ભાવ સાથે કહ્યું કે, 'આપણને ગમે નહિ, પણ કયારેક ના પાડવી પડે છે, ને પછી ના પાડ્યાનું દુઃખ પણ થાય છે.' સ્વાભાવિક રીતે પૂછ્યું કે 'કેમ એવું તે શું થયું ?' તો એમણે આખી ઘટના વર્ણવી તે કાંઈ આવી હતી.

એ ભાઈ એમના ઘરની આજુબાજુમાં કોઈ દુખાને વર્ષમાં બે-ચાર વાર ખરીદી માટે જતા હતા. ત્યાં એક માણસ કામ કરતો હતો, સ્વાભાવિક છે કે કાયમી ગ્રાહક રુપે એની પાસે આ ભાઈના નંબર હોય... સમય જતા અચાનક એ માણસે પેલી દુકાનમાંથી નોકરી છોડી દીધી. ફરી એ દુકાનમાં ગયા અને ખબર પડી કે એમણે નોકરી છોડી દીધી છે. એકાદ મહિના પછી એ માણસનો ફોન આવ્યો કે જરૂર છે તો તમે મને ઉછીના આપશો તો સારું થશે... આમ તો એ ભાઈનો સ્વભાવ પરગજુ ને માયાળુ, એક ક્ષણ તો એવી આવી કે હાં જ પાડી દેત.

પરંતુ બીજી જ ક્ષણે લાગણી ઉપર બુદ્ધિનું પ્રભુત્વ આવ્યું. એમણે વિચાર કર્યો કે આમ, જુઓ તો એ માણસ અનીમ્યો જ કહેવાય, વળી જયાં મૂળ ઓળખાણ હતી ત્યાં હવે એ નોકરી પણ નથી કરતો, આ રકમ આપી દઉં તો પાછી કેવી રીતે આવે ? અથવા આપીએ તો ભૂલી જ જવાનું ને દાન કર્યું હતું એમ માનવાનું.... એટલે એમણે ભારે અને વ્યથિત હૈયે ના પાડી ને હમણાં તો સગવડ નથી એમ કહ્યું.

આપણા સહુના જીવનમાં આવા પ્રસંગો બનતા જ હોય છે. માણસ માત્ર ને કયારેક કોઈની તો જરૂર પડે છે જ, કોઈ એવો મહારથી નથી જેને કયારેય બીજા કોઈની જરૂર ના પડી હોય... કયારેક પૈસા કયારેક બુદ્ધિ, કયારેક પરિશ્રમ, કયારેક શરીર, કયારેક કૌશલ્ય... કયારેક હૂંફને લાગણી તો કયારેક સમય... આખરે માણસ એકલો ના જીતી શકે, ના જીવી શકે, બીજાની તો જરૂર પડે જ, આ સાવ સહજ વાતનો સ્વીકાર કરીએ તો પણ અહીં જે ઘટના કે પ્રસંગ લખ્યો છે તેવા પ્રસંગે કયારેક ના પાડવી પડે છે અને એનું દુઃખ પણ થાય છે.

મરીઝની ખુબ જાણીતી ગઝલ, જે મનહર ઉધાસે ગાઈ છે એમાં લખાયું છે તે યાદ આવે.

હું કયાં કહું છું આપની,
હા હોવી જોઈએ
પણ ના કહો છો એમાં
વ્યથા હોવી જોઈએ.

આ શબ્દો જરા જુદા સંદર્ભે પણ ના પાડીએ એમાં વ્યથાના ભાવ સાથે આવી ના પાડવી પડતી હોય છે. પછીએ વાત પણ સમજાય છે કે આપણે કાંઈ લાખોપતિ નથી અને આમ જો પરહિત જ કરીએ તો આપણા જ પૈસા ખૂટી પડે.

એક આવો જ કિસ્સો યુવાનનો પણ છે. એમને ત્યાં કોઈ કામ અર્થે બહારની એજન્સીમાંથી કારીગર આવ્યો હતો, બે-ત્રણ કલાક કામ કર્યું ને ગયો, બીજા દિવસે કામ બરાબર હતું ને ? એમ પૂછવાના બહાને ફોન કર્યો ને અંતે મારે હમણાં જરૂ છે કહી ઉછીના પૈસા માંગ્યા... પૈસા યુવાને કહ્યું કે આપણે કાલ સુધી પરિચયમાં પણ ન હતા, કોઈ રેફરન્સ પણ નથી, તો હું તમને કેવી રીતે ઉછીના પૈસા આપી શકું ? મને ના પાડતા દુઃખ થાય છે, હા પણ નથી પાડી શકતો.

આવો જ એક કિસ્સો એક કલાકારનો પણ છે. જેમણે એક સામાજિક સેવા સંસ્થાની સેવા માટે કામ કરી આપ્યું ઘરના પૈસા જોડ્યા તો પછીથી એ સંસ્થા દ્વારા એની કોઈ સહજ પણે આભાર કે આનંદની નોંધ પણ ન લેવાઈ.... લાંબા સમયે ફરી ફોન આવ્યો કે તમારું એક કામ પડ્યું છે તો એ ભાઈએ આદરપૂર્વક ના પાડી કે મારી અનુકૂળતા નથી...

ના શબ્દમાં નેગેટીવીટી છે પણ કયારેક ના પાડવી પણ પડે છે, ના શબ્દમાં વ્યથા હોય છે પણ કયારેક આવી ના જરૂરી પણ હોય છે, સ્વહિત માટે અને સ્વ ગૌરવ માટે... પછી એ ઘટના કે વિચાર મનમાં રહ્યા કરે એના કરતા એકવાર ના પાડી દેવી સારી... એ લાગણી પણ કયારેક સાચી હોય છે.

મનમાં ભરીને જીવવું એના કરતાં મનભરીને જીવવું... આ શબ્દોમા સમાયેલો ભાવ કયારેક ના માથી પણ અજવાળા પાથરે છે.

# કોઈપણ શોધ મોટી સોચ વગર સંભવ નથી બનતી

ઝાડ ઉપરથી એક સફરજન પડ્યું અને એક ચિંતક યુવાને ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત દુનિયાને આપ્યો. બાળપણમાં બધાએ વાંચેલી અને સાંભળેલી આ એક પ્રચિલત કહાની છે. વાર્તા અનુસાર આઈઝેક નામનો એક કિશોર સફરજનના ઝાડ નીચે બેઠો હતો અને ઝાડ ઉપરથી એક સફરજન તુટીને એના માથે પડ્યું. આઈસેકે મનોમન વિચાર્યું કે સફરજન ઝાડ ઉપરથી સીધું તૂટીને નીચે જ કેમ પડ્યું ? કેમ ઉપર ન ગયું ? આડુ કે અવળું કેમ ન ગયું ? અને જો દરેક વસ્તુ પૃથ્વી ઉપર જ પડે છે તો ચંદ્ર કેમ પૃથ્વી પર નથી પડતો ? જરૂર પૃથ્વીની ધરતી ઉપર કોઈ એવો ફોર્સ કામ કરે છે કે, જે દરેક વસ્તુને તેની તરફ ખેંચે છે. બસ આ ઘટનાએ લૉ ઑફ ગ્રેવીટેશન દુનિયાને આપ્યો. આ ખ્યાલ આપ્યો આઈસેક ન્યુટને.

હવે મૂળ વાત એ છે કે, શું આ સફરજન ન્યુટનના માથે પડવાની કહાની સાચી છે ? ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત આ ઘટનાથી અસ્તિત્વમાં આવ્યો ? આ તર્ક પાછળ ઘણા ભિન્ન ભિન્ન ખ્યાલો છે. કેટલાક પ્રબુદ્ધોના મતે આ વાર્તા સંશોધન બાદ પાછળથી ઉપજાવી કાઢવામાં આવી છે. કહેવાય છે કે, આ વાતને વાયરલ કરવામાં ફ્રાન્સનાં ચિંતક અને લેખક વોલ્ડરનો મોટો હાથ છે. કેટલાક ચિંતકોના મતે સફરજન પડવાવાળી વાત સો આની સાચી છે. પરંતુ તેમનુ મંતવ્ય છે કે, સફરજન ન્યુટનના માથે નહીં બલ્કે તેની આગળ એમના ખોળામાં પડ્યું હતું. વળી કેટલાક એવું કહે છે કે, જ્યારે આ સફરજન પડ્યું ત્યારે ન્યુટન ઝાડ નીચે ન હતા એમના ઘરની બારીમાં ઊભા હતા ત્યારે સફરજન પડવાની ઘટના સર્જાઈ એ એમણે જોઈ અને ગુરુત્વાકર્ષણનું ચિંતન શરૂ થયું. આ વાર્તા સત્ય હોવાના પણ કેટલાક સોલિડ પ્રમાણો જોવા મળે છે.

ન્યુટનના સમકાલીન એક વૈજ્ઞાનિક અને લેખક વિલિયમ્સ ટ્યુકલી હતા. વિલિયમ્સ ટ્યુકલી ન્યુટનના ખાસ મિત્ર પણ હતાં. ન્યુટને પોતે ટ્યુકલીને આ વાત કરી હતી એમ લોકો માને છે. ટ્યુકલીએ ન્યુટનની જિંદગીના ઉતાર ચડાવને વર્ણવતું સૌથી પહેલા 'મેમર્સ ઑફ સર આઈસેક ન્યુટન્સ લાઈફ' પુસ્તક પ્રસિધ્ધ કર્યું. ટ્યુકલીના ન્યુટન ઉપરના આ પુસ્તક 'મેમર્સ ઑફ સર આઈસેક ન્યુટન્સ લાઈફ' લોકોએ ખૂબ વાંચ્યું. વિલિયમ્સે એના પુસ્તકમાં આ ઘટનાનો ઉલ્લેખ કર્યો છે. આ પુસ્તકની હસ્તપ્રત બ્રિટનની રોયલ સોસાયટી પાસે આજે પણ અકબંધ છે. જો કે, રોયલ સોસાયટીના ચીફ લાઈબ્રેરીયનના મતે ન્યુટનના માથા ઉપર સફરજન પડવાની ઘટના માત્ર વાર્તા જ લાગે છે. જન સામાન્યને વ્યસ્થિત રીતે ગુરુત્વાકર્ષણના સિધ્ધાંતની સમજ પડે



એટલે ન્યુટને ગુરુત્વાકર્ષણના નિયમની રચના પછી આ વાત ઘડી કાઢી છે. બહુ ઓછા લોકો જાણતા હશે કે, એપલ કંપનીના અત્યારના પ્રચલીત બાઈટ કરેલા સફરજનના લોગો પહેલાનાં લોગોમાં સફરજનના ઝાડ નીચે બેઠેલા ન્યુટનનો લોગો રાખવામાં આવ્યો હતો.

સને ૧૬૬૫માં ઈંગ્લેન્ડના કેમ્બ્રીજમાં પ્લેગ ફાટી નીકળ્યો હતો. એ વખતે ન્યુટન કેમ્બ્રીજની ટ્વીનીટી કૉલેજમાં અભ્યાસ કરતા હતા. પ્લેગને કારણે કૉલેજ બંધ કરી તમામ વિદ્યાર્થીઓને ઘરે મોકલી દેવાયા હતા. ન્યુટન પણ કૉલેજથી ઘરે ગયા. આ સમય એમના જીવનનો સૌથી મોટો ટર્નીંગ પોઈન્ટ પૂરવાર થયો. એમણે આ સમય દરમિયાન કેલ્ક્યુલસનો આવિષ્કાર કર્યો. ન્યુટને તેમના સંશોધનો ઘણા વર્ષો સુધી પોતાની પાસે સાચવી રાખ્યા હતાં. એમણે એમની શોધ જાહેર કરી નહતી. એમને છૂપો ડર હતો કે કદાચ લોકો તેમના સંશોધનોને સમજી નહીં શકે અને સાચું નહીં માને.



**આત્મનાદ**
**પુલક ત્રિવેદી**
pulak63@gmail.com

આમ તો ન્યુટનનું શાળા જીવન અત્યંત સામાન્ય રહ્યું હતું. શાળામાં એમની જનરલ ઈમ્પ્રેશન ઠોઠ વિદ્યાર્થીની હતી. સાથી વિદ્યાર્થીમિત્રોની મજાકનો ભોગ ન્યુટનને હંમેશા બનવું પડતું. પ્રિમેચ્યોર ડિલીવરીને કારણે જન્મ સમયે ન્યુટનનું વજન બહું ઓછું હતું અને શરીરનો આકાર બેડોળ હતો. ન્યુટનના જન્મના ત્રણ મહિના પહેલા એમના પિતાનું અવસાન થઈ જતા તેમને પિતાનો પ્રેમ ન સાંપડી શક્યો. એટલે જ કદાચ બાળપણથી ન્યુટન ગુસ્સેલ અને ઓછા બોલા હતાં.માતા ઈચ્છતી હતી કે ન્યુટન ખેતીનું કામ કરે પણ ન્યુટનને ખેતીમાં બિલકુલ રસ જ ન પડ્યો અને અભ્યાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું.

ન્યુટનનું અત્યંત ધર્મપરાયણ વ્યક્તિત્વ હતું. એમનું પ્રિય પુસ્તક બાઈબલ હતું. એ હંમશા બાઈબલ રસપૂર્વક વાંચતા. એ પણ એટલું જ સાચું છે કે, ન્યુટને વૈજ્ઞાનિક શોધ ઉપર જેટલું લખ્યું છે એના કરતાં વધારે ધર્મ અને પરમાત્મા ઉપર વધુ લખ્યું છે. બાઈબલ સમજવા એમણે હિબ્રુ ભાષા શીખી હતી. એ કહેતા કે પ્રભુ ઈસુને ૩ એપ્રિલ ૩૩ છઠ્ઠ ના રોજ શુળી ઉપર ચડાવાયા હતા. ન્યુટનના ધાર્મિક તારતમ્ય અનુસાર ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત ગ્રહોની ગતિનો ખ્યાલ ચોક્કસ આપે છે પરંતુ એ સુનિશ્ચિત નથી કરી શકતી કે ગ્રહોની ગતિનું નિયંત્રણ કઈ શક્તિ કરી રહી છે ? પરમાત્મા જ આ બધી બાબતોને નિયંત્રિત કરી રહ્યાં છે. પરમાત્મા જાણે છે કે આ શું છે અને શું કરી શકાય એમ એમણે નોંધ્યું છે. જે ઝાડ ઉપરથી પડતા સફરજનને જોઈને ન્યુટને લૉ ઑફ ગ્રેવિટેશન આપ્યો એ સફરજનના ઝાડનું વંશજ આજે પણ બ્રિટનમાં છે. સને ૧૮૧૫થી ૧૮૨૦ વચ્ચે ઓરિજનલ ઝાડ નષ્ટ પામ્યું હતું. આ ઝાડનો એક નાનકડો ટૂકડો સ્પેસમાં મોકલવામાં આવ્યો છે. ઝાડ ઉપરથી પડતા સફરજનની કહાનીના જુદા જુદા અનેક પાસાઓ છે પરંતુ એક વાત ચોક્કસ છે ગુરુત્વાકર્ષણ અને સફરજનનો અતુટ નાતો જગતમાં પ્રસ્થાપિત થઈ ગયો છે.

જીવનભર અવિવાહિત રહેલા સર આઈસેક ન્યુટનના વિચારોના દમખમ ઉપર એવા અનેક અદભુત વૈજ્ઞાનિક સિદ્ધાંતો જગતને મળ્યા કે જેના વગર વિશ્વની આટલી પ્રગતિ સ્વપ્ને પણ વિચારી ન શકાય. એમના લૉ ઑફ મોશનનો ફિઝિક્સમાં જબરો ઉપયોગ થયો છે. સાઈકલથી માંડીને રોકેટ સુધી આ સિદ્ધાંત ઉપર ઘણું ખેડાણ થયું છે. બાળપણથી ન્યુટનને મોટી વૈચારિક ભૂમિકામાં રાચવું ગમતું. નાનપણમાં એ આકાશ સામે તાકી રહેતા અને બા-દાદાને ચાંદ તારાને લગતા પ્રશ્નો પૂછતા રહેતા. બિચારા બા-દાદા બાળ ન્યુટનના સવાલોના જવાબો ન આપી શકતા. ન્યુટનની સફરજનની કહાની ઉપરથી એટલું તો સ્પષ્ટ છે કે કોઈપણ શોધ મોટી સોચ વગર શક્ય નથી.

**ધબકાર :**

એક હજારવાર અસફળતા પછી પણ એક વધુ વખત પ્રયાસનો દ્વાર ખૂલ્લો જ હોય છે.